# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 03-Dec-2024 સવારે : 7.45 થી 7.55

1) વિપક્ષો સાથે સહમતી સધાતા આજથી સંસદના બંને ગૃહોની કાર્યવાહી સુચારૂ રૂપે ચાલે તેવી શક્યતા
2) આજે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરશે.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ચંદીગઢમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓનાં અમલીકરણની પ્રગતિથી રાષ્ટ્રને માહિતગાર કરશે
4) કેન્દ્રીય વિદેશ મંત્રી એસ.જયશંકરે રાષ્ટ્રીય સલામતીને ધ્યાનમાં રાખીને વ્યવસાયિક અને આર્થિક નિર્ણયો લેવા પર ભાર મૂક્યો
5) એનસીસી કેડેટ્સને બે હજાર ભૂતપૂર્વ સૈનિકો તાલિમ આપશે.
6) ભારત સ્થિત UAEના રાજદૂત અબ્દુલનાસર અલશાલીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચનું યુએઇમાં આયોજન કરવાની તત્પરતા દર્શાવી

## ***PARLIAMENT---OM-BIRLA***

**ચાલુ શિયાળુ સત્રમાં સંસદની કાર્યવાહી આજે સુચારૂરૂપે ચાલે અને ખોરવાય નહીં તે માટે સરકાર અને વિરોધ પક્ષો સહમત થયા છે.**

**લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગઇકાલે સંસદ ભવનમાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન શ્રી બિરલાએ તમામ**

સભ્યોને ગૃહની કાર્યવાહી ચાલવા દેવા વિનંતી કરી હતી. બેઠકમાં, નેતાઓ લોકસભાની કાર્યવાહી અવિરત ચાલે તે સુનિશ્ચિત કરવા સહમત થયા હતા.

સતત પાંચ દિવસથી સંસદની કાર્યવાહી થઇ રહી નથી.. સંભલ હિંસા, એક વેપારી જૂથ સામે લાંચનો આરોપ સહિતના મુદ્દાઓને લઇને વિપક્ષોએ રાજ્યસભા અને લોકસભામાં હોબાળો મચાવ્યો હતો..

.................

## *PREZ-AWARDS*

આજે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી થઈ રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં દિવ્યાંગ વ્યક્તિઓના આંતરરાષ્ટ્રીય દિવસ નિમીત્તે 33 વિશેષ વ્યક્તિઓ અને સંસ્થાઓને રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરશે.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો. વિરેન્દ્ર કુમાર દિવ્યાંગ વ્યક્તિઓના જીવનને સમૃદ્ધ બનાવવાના હેતુથી સોળ નવી પહેલોનું પણ અનાવરણ કરશે. આ પહેલ સમાવેશીતા, નવીનતા અને ટેકનોલોજીનો વિસ્તાર કરે છે, કેટલીક ચાવીરૂપ પહેલોમાં બ્રેઇલ બુક પોર્ટલ સહિતની ત્રણ પહેલોનો સમાવેશ થાય છે. સામાજિક પરિવર્તનને પ્રેરિત કરવાના ઉદેશ સાથે આ ઉજવણી કરવામાં આવી રહી છે.. જેમાં સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ, નિષ્ણાતો અને વિવિધ હિસ્સેદારોના પ્રતિનિધિઓને એકમંચ્ પર લાવવાનો પણ પ્રયાસ છે.

.................

## *PREZ-ODISHA VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ઓડિશાની પાંચ દિવસીય મુલાકાતે જશે.

તેમની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ પંડિત રઘુનાથ મુર્મુની નવી પ્રતિમાનું અનાવરણ કરશે અને ભુવનેશ્વરમાં આદિમ ઓવાર જરપા જાહેરની મુલાકાત

લેશે.રાષ્ટ્રપતિ પુરીના જગન્નાથ મંદિરમાં પણ પૂજા કરશે. રાષ્ટ્રપતિ ગોપબંધુ આયુર્વેદ મહાવિદ્યાલયની 75મી વર્ષગાંઠની ઉજવણી અને બ્લુ ફ્લેગ બીચ પર નૌકાદળ દિવસની ઉજવણીમાં હાજરી આપશે.

5મી ડિસેમ્બરે રાષ્ટ્રપતિ ભુવનેશ્વરમાં ઓડિશા યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેક્નોલોજીના 40મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેમના હસ્તે  ભુવનેશ્વર ખાતે નવા ન્યાયિક અદાલત સંકુલનું પણ ઉદ્ઘાટન થશે.

બીજા દિવસે, રાષ્ટ્રપતિ મુર્મુ રાયરંગપુર ખાતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો સાથે વાર્તાલાપ કરશે. તેમની મુલાકાતના છેલ્લા દિવસે, રાષ્ટ્રપતિ બાંગીરીપોસી-ગોરુમહિસાની, બુરમારા-ચકુલિયા અને બદમપહાર-કેંદુઝારગઢ રેલ લાઇન્સ, રાયરંગપુરમાં આદિજાતિ સંશોધન અને વિકાસ કેન્દ્ર, રાયરંગપુરમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત કરશે.

.................

## *PM-CHANDIGARH*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ચંદીગઢમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ એમ ત્રણ પરિવર્તનકારી નવા ફોજદારી કાયદાના સફળ અમલીકરણને રાષ્ટ્રને સમર્પિત કરશે.

નવા ફોજદારી કાયદા, જે આ વર્ષે 1લી જુલાઈના રોજ દેશભરમાં લાગુ કરવામાં આવ્યા હતા, તેનો હેતુ દેશની કાયદાની વ્યવસ્થાને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને સમકાલીન સમાજની જરૂરિયાતોને અનુરૂપ બનાવવાનો છે. આ કાર્યક્રમની થીમ "સુરક્ષિત સમાજ, વિકસિત ભારત: સજાથી ન્યાય સુધી." આધારિત છે  જેના દ્વારા કાયદાઓની વ્યવહારિક એપ્લિકેશનનું નિદર્શન કરશે..

.................

## *VICE PRESIDENT - MUMBAI VISIT*

ઉપપ્રમુખ જગદીપ ધનખર આજે મુંબઈની એક દિવસીય મુલાકાતે છે. તેઓ સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ફોર રિસર્ચ ઓન કોટન ટેક્નોલોજીના શતાબ્દી સ્થાપના દિવસે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

આ પ્રસંગે  શતાબ્દી સ્તંભનું ઉદ્ઘાટન પણ કરશે. આ પ્રસંગે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી રામનાથ ઠાકુર, મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણન અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

.................

## *JAISHANKAR - NATIONAL SECURITY*

વિદેશ મંત્રી એસ જયશંકરે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને રોકાણ સહિત આર્થિક નિર્ણયો લેવાની હિમાયત કરી છે.

નવી દિલ્હીમાં CII પાર્ટનરશિપ સમિટને સંબોધતા ડૉ. જયશંકરે કહ્યું હતું કે, સશસ્ત્રીકરણને બદલે આર્થિક ક્ષેત્રે વધુને વધુ લાભ મેળવવાનો આ સમય છે વિદેશ મંત્રીએ કહ્યું, સિમીત  રૂઢિચુસ્ત  સાવચેતીઓ વચ્ચે વેપારમાં સાવધાની રાખવા પર પણ તેમણે ભાર મૂક્યો હતો.. ડૉ. જયશંકરે વિકાસ  માટે વિશ્વસનીય ભાગીદારો સાથે સહયોગ સાધવા પર ભાર મૂક્યો હતો.. તેમણે કહ્યું કે, આ પગલાંનો હેતુ ભારત માટે નોંધપાત્ર આર્થિક તકો ઊભી કરવાનો છે. ચીનની આક્રમક વેપાર પધ્ધતિઓ વચ્ચે ડોક્ટર જયશંકરનું આ નિવેદન અત્યત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે..

ડોનાલ્ડ ટ્રમ્પની યુએસ પ્રમુખ તરીકેની બીજી મુદત દરમિયાન ભારત અમેરિકા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે તેવી પણ તેમણે આશા વ્યક્ત કરી હતી.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *NCC DG*

એનસીસી  કેડેટ્સને તેમની એકેડેમીમાં તાલીમ આપવા માટે લગભગ બે હજાર ભૂતપૂર્વ સૈનિકોને રાખવામાં આવશે.

આકાશવાણી ન્યૂઝને આપેલી મુલાકાતમાં, નેશનલ કેડેટ કોર્પ્સના મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ ગુરબીરપાલ સિંહે જણાવ્યું હતું કે NCC કેડેટ્સ ઉત્સાહપૂર્વક અગ્નિવીર યોજનામાં ભાગ લઈ રહ્યા છે. તેમણે કહ્યું કે એનસીસી સેનામાં જોડાવા માંગતા કેડેટ્સને પણ તાલીમ આપી રહી છે.

લે. જનરલ સિંઘે એ પણ પ્રકાશિત કર્યું કે તાલીમ દરમિયાન કેડેટ્સને નવીન અને ઉભરતા પડકારો વિશે માહિતગાર કરવામાં આવે છે અને તે મુજબ, તેમને તાલીમ આપવામાં આવે છે.

તેમણે કહ્યું કે એનસીસી કેડેટ્સ પર્યાવરણીય સંરક્ષણમાં પણ ભાગ લઈ રહ્યા છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ વર્ષે 5મી જૂને શરૂ કરાયેલ રાષ્ટ્રવ્યાપી વૃક્ષારોપણ અભિયાન 'એક પે મા કે નામ'માં પણ ભાગ લઈ રહ્યા છે.

[બાઇટ-એનસીસી ડીજી]

.................

## *RS-PMUY*

દેશમાં સક્રિય સ્થાનિક એલપીજી ગ્રાહકોની સંખ્યા ગયા મહિને  32 કરોડ 83 લાખની  થઈ છે, જેમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના -- PMUYના 10 કરોડ 33 લાખ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

રાજ્યસભામાં એક લેખિત જવાબમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ જણાવ્યું હતું કે, PMUY ના અમલીકરણથી દેશમાં LPG કવરેજ 2016 માં 62 ટકાથી હવે સંતૃપ્તિની નજીકમાં સુધારો કરવામાં ફાળો મળ્યો છે. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા નાણાકીય વર્ષમાં સ્થાનિક એલપીજીનો વપરાશ પણ વધીને 26.2 મિલિયન મેટ્રિક ટન થયો છે.

..................

## *CRICKET-UAE*

ભારતમાં UAEના રાજદૂત અબ્દુલનાસર અલશાલીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-પ્રોફાઈલ ક્રિકેટ મેચનું આયોજન કરવાની દરખાસ્ત મૂકી છે...

એક મીડિયા ઈન્ટરવ્યુમાં, અબ્દુલનાસર અલશાલીએ યુએઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચનું આયોજન કરવા તત્પરતા દર્શાવી છે.  તેમણે કહ્યું, અમે હંમેશા આવી રમતોનું આયોજન કર્યું છે.  અને UAE હંમેશા  વ્યવસાય અને રમતગમતના આયોજન માટે ઉત્સુક છે..

2025 માં ICC ચેમ્પિયન્સ ટ્રોફીની અનિશ્ચિતતા વચ્ચે આ નિવેદન સામે આવ્યું છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ કહ્યું છે કે તે સુરક્ષાની ચિંતાઓને કારણે ભારતીય ટીમને પાકિસ્તાન મોકલશે નહીં. બીજી તરફ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) સમગ્ર ટૂર્નામેન્ટ પાકિસ્તાનમાં યોજવાનો આગ્રહ રાખે છે.

BCCIએ હાઇબ્રિડ મોડલનો પ્રસ્તાવ મૂક્યો હતો, જ્યાં ભારતની મેચો તટસ્થ દેશમાં રમાશે, પરંતુ PCBએ આ વિચારને નકારી કાઢ્યો છે. ગયા અઠવાડિયે, વિદેશ મંત્રાલય (MEA) ના પ્રવક્તા રણધીર જયસ્વાલે BCCIની ચિંતાઓને પુનરોચ્ચાર

કરતા કહ્યું હતું કે ભારતીય ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરે તેવી શક્યતા નથી. બીસીસીઆઈના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય ખેલાડીઓની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

ભારતે એશિયા કપમાં ભાગ લીધો ત્યારથી 2008થી પાકિસ્તાનનો પ્રવાસ કર્યો નથી. બંને હરીફોએ છેલ્લે ભારતમાં 2012-13માં દ્વિપક્ષીય શ્રેણી રમી હતી, જેમાં સફેદ બોલની મેચોનો સમાવેશ થતો હતો. તે પછી, ભારત અને પાકિસ્તાન મુખ્યત્વે ICC ટૂર્નામેન્ટ અને એશિયા કપમાં એકબીજાનો સામનો કરી ચૂક્યા છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- યુધ્ધો વધતાં શસ્ત્રોનાં બજારમાં તેજી- દુનિયામાં યુધ્ધો વચ્ચે 54 લાખ કરોડ રૂપિયાનાં શસ્ત્રો વેચાયાઃ આ હેડલાઇન ગુજરાત સમાચારની છે.
- નવગુજરાત સમયની હેડલાઇન છે- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કોણ? સસ્પેન્સ આવતી કાલે ખુલશે
- ગુજરાત સમાચાર પ્રથમ પાને લખે છે કે- કેનેડામાં લાખો ભારતીય વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ , સ્વદેશ પરત ફરવું પડશે
- ઇન્ડિયન એક્સપ્રેસ અને સંદેશ પ્રથમ પાને જણાવે છે કે, સિગારેટ, એરેટેડ ડ્રિન્ક્સ અને તમાકુ પર 35 ટકા લાદવામાં આવે તેવી સંભાવના છે.
- સ્થાનિક સમાચારોમાં--- ગુજરાત સમાચારનાં અહેવાલ પ્રમાણે શિયાળુ વાવેતરમાં ધીમી ગતિથી આ વર્ષે રવી પાક મોડો આવશે
- સંદેશ જણાવે છે કે- કલોલ પછી વિરમગામમાં અશાંતધારો અમલીઃ
- મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રીની પસંદગી માટે ગુજરાતના ભૂતપુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી નિરીક્ષક- આ સમાચાર તમામ અખબારોમાં સ્થાનિક પાના પર પ્રકાશિત થાય છે.

- આ ઉપરાંત, ગિનીમાં ફુટબોલ મેચમાં નાસભાગથી 100થી વધુનાં મોત, 1901 બાદ પ્રથમ વાર નવેમ્બર મહિનો સૌથી ગરમ, પાંચમાં દિવસે પણ સંસદનાં બંને ગૃહોની કામગીરી ઠપ, જો બાઇડેને પુત્ર હન્ટરની સજા માફ કરી જેવા સમાચાર વિવિધ અખબારોમાં જોવા મળે છે

--------------